ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

*આ દેશમાં સત્તાની ખટપટોને એ ખમી ગયો!*
*નથી અહીં કોઈને યે દેશપ્રેમ એ પામી ગયો!*
*ગમી ગયો શહિદીને પણ, એ જાટ-વીર-યોદ્ધો,*
*ચીર શાંતિની રજાઈ ઓઢી 'પવન' પોઢી ગયો!*

હાઈકુ

*નાક દબાવી,*
*ખોલાવી દીધું મોઢું -*
*લ્યો! અનામત..*
*(હરિયાણામાં હાર)*

*પડ્યો ધ્રાસકો -*
*ગુજરાતને પણ -,*
*ગેડકો શરૂ...*
*(સમાધાન ફાંફાં)*

## ચિંતન

**કોટિ નામ સંસારમેં તાતે મુક્તિ ન હોય ।**
**આદિ નામ જો ગુપ્ત જપ, બિરલા જાને કોય ॥**

કબીરજી કહે છે પ્રાચીન સમયથી પંથ-સંપ્રદાય-ધર્મની વાડાબંધીનાં યુદ્ધ અને પ્રચાર સંઘર્ષ ચાલે છે. સૌ પોતાના સ્થાપિત દેવ-દેવી-ગુરુ-મંત્રનો જાપ અને ક્રિયાકાંડ-પૂજાવિધિ-માળા-જપ અપનાવવા સાધકોની ખેંચમતાણ કરે છે. આમાં કેટલાક લોક દ્વિધામાં માતાજી-પિતાજી-મહાદેવ-રામ-કૃષ્ણમાં અટવાઈ જાય છે અને વારંવાર પોતાની શ્રદ્ધા જૂદા જૂદા ખીલે બાંધે છે એન કયાંક સફળ થતાં નથી.

યોગમાં 'શ્વાસ'નું મહત્ત્વ દર્શાવ્યું છે. શ્વાસના આવન-જાવન પર આધારિત બૌધપંથની ક્રિયા ગોયંકાજી એ પ્રચલિત કરી છે એવા જ મંત્રે જે આદિમંત્ર કહેવાય છે. અર્ધા નામથી શ્વાસ ઊંડે લેવાય અને બાકીના મંત્રથી છોડાય - આવા મંત્ર જાપને 'આદિ' મંત્ર કહ્યો છે. મૌન દ્વારા શાંત રીતે આવા 'અજપાજાપ' એ જ સાચું સ્મરણ છે.

## સુવિચાર

- સ્વપનને હકીકતમાં બદલવાનો એક માત્ર શ્રેષ્ઠ માર્ગ જાગૃત અવસ્થામાં આવવાનો છે - **એ.પી.જે. કલામ**
- ઝિંદા હો તો તાકત રખ્ખો, લહેરોં કે ખિલાફ તૈરને કી,
  લહેરોં કે સાથ બેહના તો લાશોં કા કામ હૈ - **નીરજ જોશી**
- હું સત્યની ખેવના કરું છું તે સત્યને ખાતર નહીં પણ મારા પોતાના ખાતર - **સેમ્યુઅલ બટલર**
- શીતયુદ્ધનાં આંદોલનો કરતાં પણ વિચારનાં આંદોલન
  હંમેશા અત્યંત વેગવાળા હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- હાથમાં, હાજરમાં જે સંજોગો હોય છે એની કિંમત
  એ વખતે જ સમજાઈ જવી ખૂબ અઘરું હોય છે- **સમયસૂત્ર**
- પાણી જેમ ઢાળની શોધમાં નીકળી પડતું હોય છે
  તેમ મન પ્રલોભનની શોધમાં નીકળી પડતું હોય છે- **સંત ઓગસ્ટીન**
- આજનું ઔષધ : અર્જુનનું દાતણ હૃદયના રોગીએ કરવાથી હૃદય મજબૂત થાય છે

(સંકલન : દીપક વી. આસરા)

## બોધકથા

આજે પણ આપણા ધાર્મિક સ્થાનો, કથા-સત્સંગ-મજલિસો-દેવળોમાં ધનિકો અને વીઆઈપી માટે 'અલાયદી' વ્યવસ્થા હોય છે. દર્શનના દરવાજા જુદા હોય છે. ઈશ્વરમાં તો બધા જ સરખા-સમાન હોય - ભેદભાવ ને સ્થાન જ નથી.

એક ચર્ચમાં, એક બુજર્ગ, મેલા-ફાટેલા ગંધાતાં કપડાં અને શરીરે - પ્રેયરમાં આવ્યો. બધી પાટલી લગભગ ભરાઈ ગઈ હતી. જયાં થોડીક જગ્યા દેખાઈ ત્યાં બુઝર્ગે બેસવા પ્રયત્ન કર્યો તો ત્યાં બેઠેલા જરા વધારે પહોળા થઈ બેસી ગયા. જયાં જગ્યા ખાલી હતી ત્યાં ગયો તો કહેવામાં આવ્યું - આવે છે - બહાર ગયા છે. મોબાઈલ આવ્યો હતો!

આખરે એ વૃદ્ધ - પાદરીના પગ પાસે આગળના પગથિયે - જમીન પર જ બેસી ગયો... પ્રાર્થના-સભા ચાલુ જ હતી. ત્યાં બહારથી કોઈ દિવ્ય દેખાતી - ઈશા પ્રભુ જેવો ચહેરો અને એક સામાન્ય ચાદર ઓઢી ચર્ચમાં આવી - સૌનું ધ્યાન તેના પર ગયું સૌથી તેને વંદન-પ્રણામ આકસ્મિક રીતે જ થઈ ગયા...

એ દિવ્ય વ્યક્તિ એ બુઝર્ગને પુછ્યું, તમને વાંધો ન હોય તો હું તમારી બાજુમાં બેસું? બીજે કયાંક કોઈની પાટલી કે હૃદયમાં જગ્યા નથી... બુઝર્ગે તેને હાથ પકડી પોતાની બાજુમાં બેસાડ્યો.

# દેશના લોકશાહી મંદિરોની ગરિમા જાળવીએ

### તંત્રીસ્થાનેથી...

ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ચાલુ થઈ ગયું એની સાથે જ સંસદનું બજેટ સત્ર પણ શરુ થયું છે. ગુજરાત વિધાનસભાના બજેટ સત્રના પ્રારંભે વિપક્ષે રાજયપાલશ્રીને એમનું ભાષણ પૂરું વાંચવા નહીં દઈ આગામી દિવસો દરમિયાન સત્ર તોફાની બનવાના સંકેત પાઠવી દીધા છે. પાટીદાર અનામત એ કોંગ્રેસનો એજન્ડા નથી, છતાં એ મુદ્દે હોબાળો મચાવવામાં રાજકીય લાભ મેળવવા સિવાય બીજો કયો ઉદ્દેશ હોઈ શકે? અગાઉ જયારે પણ તક મળી ત્યારે કોંગ્રેસ શાસિત રાજયોમાં અને કેન્દ્રમાં ભાજપે આ જ અભિગમ અપનાવ્યો છે. એટલે કોંગ્રેસની ટીકા કરવાનો શાસક પાર્ટી તરીકે ભાજપને નૈતિક અધિકાર નથી પરંતુ પ્રજા તો કોંગ્રેસ જેવી રાષ્ટ્રીય પાર્ટી પાસે તો વધુ પૉઝિટિવ અને સમજદારી ભરી વર્તણૂકની અપેક્ષા રાખતી જ હોય. કેન્દ્રમાં સંસદીય બાબતોના મંત્રી અને વડાપ્રધાનના વિશ્વાસુ સાથી વેંકૈયા નાયડુ ભલે દરેક રાષ્ટ્રીય પ્રશ્ન અંગે સંસદમાં ચર્ચા કરવાની તૈયારી હોવાનું જણાવતા હોય પણ કોંગ્રેસ એમને રાજયસભામાં ભિડાવ્યા વગર રહે એ વાતમાં માલ નથી. કોંગ્રેસના રાજયસભાના નેતા ગુલામનબી આઝાદે સરકારના ખરડાઓને 'મેરિટ' પર ટેકો આપવાની વાત કરી એનો અર્થ જ એ કે ભાજપને પોતાની મરજી મુજબ ડ્રાફ્ટ કરેલા ખરડા પસાર કરવાતાં નેવાનાં પાણી મોભારે ચડાવવા જેટલી મહેનત કરવી પડશે. બજેટ સત્રના પહેલા તબક્કામાં તો કોંગ્રેસ અને સાથી પક્ષો મચક નહીં જ આપે તે નક્કી છે. ગુજરાતમાં પાટીદાર આંદોલન થયું એ કરતાં હરિયાણામાં શરુ થયેલા જાટ આંદોલન વધુ ઉગ્ર સ્વરુપ પકડ્યુંછે. ઘણી મોટી જાનહાનિ અને ઘણી મોટી નાણાકીય હાનિ ઉપરાંત આ આંદોલનથી રેલવે સહિત ઘણી સેવાઓ ખોરવાઈ જવા પામી છે. બજેટ સત્રમાં આ મુદ્દે ગુજરાત અને હરિયાણા - બેઉ ભાજપની રાજયસરકારો પર મોટી પસ્તાળ પડશે, મુખ્યમંત્રીઓનાં રાજીનામાંની માગણી કરાશે એટલું જ નહીં, જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં વિદ્યાર્થી આંદોલનને દેશદ્રોહમાં ખપાવવાના પ્રયાસોની પણ ઝાટકણી કાઢવાનો પ્રયાસ થશે. આ તમામ બાબતો પર ખુલ્લી ચર્ચા માટે કેન્દ્ર સરકારની તૈયારી હોવાનું આગોતરું નિવેદન કર્યા છતાં વિપક્ષો આ મુદ્દે હોબાળો મચાવવાની તક જતી નહીં જ કરે તે સમજી શકાય એમ છે. ત્યારે દેશના વેપારીઓ અને પ્રજાના સંયુક્ત હિતમાં લાવવામાં આવનાર જીએસટી બિલ અને રિયલ એસ્ટેટ બિલ જેવા પંદરેક બિલોને સરકારે પ્રાયોરિટી લિસ્ટમાં મૂક્યાં છે અને બીજા ઘણાં બિલો હાંસિયે ધકેલી દીધાં છે. વિધાનસભા અને સાંસદના સત્રો પાછળ પ્રજાના પરસેવાની કમાણીનાં લખલૂટ નાણાં ખરચાતા હોય છે. રાજકીય પક્ષો આવાં આખાં ને આખાં સત્રો એમના પરસ્પર પ્રત્યેના વેરની વસૂલાત પાછળ બરબાદ કરી દેતાં અચકાતા નથી. વિપક્ષોએ શરુથી જ અવળો એકડો માંડ્યો હોય ત્યાં કોણ કોને કશું કહી શકે? મનમોહન સરકારને હેરાન પરેશાન કરી આખાં સત્રો બરબાદ કરેલાં છે. સારું છે કે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી મૂળે કોંગ્રેસના ગોત્ર છે, એટલે ગુજરાતની વિધાનસભાના બજેટ સત્રમાં રાજયપાલ સામે થયો એવો હોબાળો એમના સંસદના બજેટસત્રના ઉદ્ઘાટન ભાષણ સામે નથી થયો. પરંતુ એથી સત્ર સમું સૂતરું જ ચાલશે એવું માની લેવું જરા વધુ પડતું જ લેખાશે. વિધાનસભા હોય કે સંસદ હોય - લોકશાહીના મંદિર સમા શ્રદ્ધાસ્થાનોની ગરિમા જળવાય એ જરુરી નહિ અનિવાર્ય છે.

# મન દુઃખી થયું, રહેવાયું નહીં, તેથી આંતરિક ભાવનાઓના જુવાળથી વશીભૂત થઈ કાર્યક્રમના સ્થળે પહોંચી જવાયું




કોઈ મેગા શહેરમાં યોજાતા આંતરરાષ્ટ્રીય લિટરેચર ફેસ્ટિવલ જેવો કાર્યક્રમ આપણા નાના શહેરમાં યોજવાનું એક સાહિત્ય સંસ્થાએ નક્કી કર્યુ. સંસ્થાના વિચારકોએ મોટું ફંડ ભેગું કરવાનું સૌ પ્રથમ શરું કર્યું. તે માટે ખાસ ખમતિધર કહી શકાય એવા લોકોને આયોજન સમિતિમાં સ્થાન આપવામાં આવ્યું. તેમને અમુક હોદ્દાઓ પણ અપાયા. તેમને કહેવામાં આવ્યું કે રાષ્ટ્રીય સ્તરના અનેક લબ્ધપ્રતિષ્ઠિત અને અંગ્રેજી રાઈટર્સને પણ આમંત્રિત કરવામાં આવ્યા છે. પ્રચાર-પ્રચાર અને નિમંત્રણ કાર્ડમાં પણ તેમનો ઉલ્લેખ મોટા અક્ષરે થયેલ હતો.

આવા કાર્યક્રમોમાં સામાન્ય રીતે જે બને છે તેમ આમંત્રિતોમાં અંગ્રેજી જાણકારો વધુ હતા. ગુજરાતીના માંડ એક બે સર્જકોના નામ હતા. સ્થાનિક સાહિત્યકારોને આ આયોજનની જાણ સમાચાર માધ્યમો દ્વારા થઈ. તેમાં હું પણ એક હતો. આપણા શહેરમાં સાહિત્યનો મોટો જલસો થતો હોય અને આપણે ન જઈએ તો કેવું લાગે? પણ વગર બોલાવ્યે જવાય શી રીતે? મન દુઃખી થયું. રહેવાયું નહીં. તેથી આંતરિક ભાવનાઓના જુવાળથી વશીભૂત થઈ કાર્યક્રમના સ્થળે પહોંચી જવાયું. પ્રવેશ માત્ર આમંત્રિતો માટે હતો. પણ અમને કોઈએ રોક્યા નહીં. અને અમે તો એ ફેસ્ટીવલમાં બેરોકટોક ફરવા લાગ્યા. મોટાં મોટાં બેનર પર મોટાં નામ અને ફોટા હતા. તે સાથે શ્રોતાઓનો અભાવ દેખાઈ રહ્યો હતો. જયારે મોટા શહેરોમાં આવા કાર્યક્રમોમાં લોકો હડકેઠઠ ઉભરાતાં હોય છે.

હું પ્રવેશદ્વારથી સભામંડપ સુધી ચાલ્યો ગયો. હોલ આશ્ચર્યજનક રીતે બિલકુલ ખાલી હતો. માંડ દસ બાર જણ બેઠા હતા. મને લાગ્યું કે કાર્યક્રમ મોટાભાગે 'ઈન્ડિયન ટાઈમ' અનુસાર થવાનો, જોકે મારા જેવા લોકો 'વિલાયતી સમય' અનુસાર આવી ગયા હતા. હું એક ખુરશીમાં બેસી પડ્યો. અડધા કલાક પછી એક વ્યક્તિ મંચ પર આવ્યો. તેણે કાર્યક્રમ તુરંતમાં શરુ થઈ રહ્યો હોવાની જાહેરાત કરી. ત્યારે જ એક સજ્જન મારી પાસેની ખુરશીમાં આવીને બેઠા. થોડીવાર પછી તેમણે મને મારો પરિચય પુછ્યો. વાતચીતમાં તેમણે મારી સર્જનશીલતા, રચનાકર્મ અને પુસ્તકો બાબતે જાણ્યું તેમજ કેટલાક વ્યક્તિગત સવાલો પણ પુછ્યા. તેમણે અમુક બાબતો એક કાગળ પર નોંધી. મારા લેખક તરીકેના જીવનમાં આ પહેલો મોકો હતો કે કોઈએ મારા કૃતિત્વ અને જીવન વિષે આટલો રસ લીધો હોય. તેથી તેણે જે પુછ્યું તે મેં વિગતવાર જણાવ્યું. તે બોલ્યા, એમ લાગે છે કે કાર્યક્રમ શરુ થવામાં હજુ વાર લાગે એમ છે તો ચાલો ને બહાર જરા ચ્હા-પાણી કરતાં આવીએ.

તેથી અમે બહાર ગયા. ચ્હા પાણી દરમિયાન વાતચીતનો દૌર ચાલુ હતો. અમે સભામંડપમાં પાછા ફર્યા. બે ચાર ડગલાં ચાલ્યા પછી એકાએક તેમને કંઈક યાદ આવ્યું. અને તે મને સોરી કરી જતા રહ્યા. વિહ્વળતામાં ડુબેલ હું મારી ખુરશી પર આવીને બેસી ગયો. ત્યાં સુધીમાં બીજી પણ થોડી ખુરશીઓ ભરાઈ ગઈ હતી. પરંતુ સજ્જન મંચ પર આવ્યા અને બોલ્યા. તમારો ઈંતજાર હવે ખતમ થવામાં છે. આપણા આમંત્રિત મહેમાનો પધારી ચૂક્યા છે અને કાર્યક્રમ શરુ થવામાં છે.

આગામી થોડી મિનિટોમાં જે નામો બોલવામાં આવ્યા. તે મને આશ્ચર્યમાં મુકી દેનાર હતા. હા તેમાં મારું નામ હતું. મંચ પર આદરપૂર્વક આમંત્રિત કરવામાં આવી રહ્યા હતો. આ સપનું તો નથી ને? મેં, મારી જાતને ચૂંટી ખણી જોઈ. પણ એ ખરેખર સાચું હતું. હું પહેલીવાર મુખ્ય અતિથિ તરીકે નિમંત્રિત કરવામાં આવી રહ્યો હતો. હું મંચ પર પહોંચ્યો ત્યાં સુધીમાં સંચાલક મહોદય મારો પરિચય રજૂ કરી રહ્યા હતા. અને તે એ રીતે અપાઈ રહ્યો હતો કે તે સાંભળી મારી છાતી ગજગજ ફૂલતી હતી. તે દરમિયાન મેં નક્કી કરી લીધું કે કાર્યક્રમ બાદ મારા સાહિત્ય સર્જનના આલોચક એવા વિવેચકોને જણાવી દઈશ કે હું કલમઘસુ લેખક નહીં પણ આ શહેરનો સન્માનીત સાહિત્યકાર છું.

મેં ખુરશી પર સ્થાન ગ્રહણ કર્યું છે તે પછી શ્રેષ્ઠીને અધ્યક્ષ તરીકે બોલાવવામાં આવ્યા. તે પછી આયોજક સંસ્થાના સભ્યો બાકીની ખાલી ખુરશીઓ પર ગોઠવાઈ ગયા. મંચનું ફોરમ હવે પુરું થઈ ગયું હતું. તે દરમિયાન સભા મંડપમાં બીજા લોકો પણ આવી ગયા હતા. નામચીન અતિથિઓ ન આવતાં તેમની વ્યવસ્થાની મજબુરી જણાવતાં સંચાલકે કાર્યક્રમનો

અનુસંધાન પાના નં. ૭ પર

# વાદવિવાદોના આંદોલનોની ધજામાં સમાયેલા તાણાવાણા...




દૂરદર્શનને નીરખવાનું લોકોએ છોડી દેવું પડે એવા દિવસો આવી રહ્યા છે. ટી.વી. વિહવળતાઓનું 'માસ પ્રોડક્શન' કરી રહ્યું છે. સમાચાર ચેનલોમાં આવતી ચર્ચા અને ડીબેટમાં જે સ્તર જળવાવું જોઈએ તે નીચે આવી રહ્યું હોય તેવું લાગ્યા વગર નથી રહેતું. નિષ્ણાતોનું જૂથ ચર્ચાશૂરા અને વિવાદ નરેશ બની લોકોને પોતાના પક્ષમાં કરવા જાણે બેઠા-બેઠા દોડી રહ્યા છે. સંચાલકની કુનેહ ન હોય તો સ્ટુડીઓ રણમેદાન બનતા વાર ન લાગે. પણ આપણે આ ઘટનાનું મૂળ તપાસીએ તો આશ્ચર્યજનક તારણો હાથ લાગે તેમ છે. આવા 'માત્ર' બોલકા બહાદૂર લોકોને કેટલાક પ્રશ્નો એક બુદ્ધિજીવી નાગરિક તરીકે પૂછવાનું મન થાય!

પ્રથમ મુદ્દો છે શું ચર્ચાની પેનલમાં બેઠેલ વ્યક્તિ તે જે મુદ્દ વિશે બોલવા જઈ રહી છે તે તેના અભ્યાસનો વિષય છે કે માત્ર છાપાના અગ્રલેખ વાંચીને તૈયાર થયેલ છે? કોઈ ક્ષેત્રનો જાણકાર બીજા ક્ષેત્રનો નિષ્ણાત કેવી રીતે ગણી શકાય? કોઈ ડૉક્ટર બિલ્ડીંગ તૂટી પડવા વિશે પોતાનો મત આપી શકે નહી કે નિર્ણય.બીજી અગત્યની વાત એ છે કે જ્યાં સુધી કોઈ ક્ષેત્રમાં જાતને ઘસી નાખી ન હોય તો તેના વિશે અભિપ્રાયથી આગળ ન જઈ શકાય. બાકી વાદવિવાદ તો શાસ્ત્રીય બાબત છે.

ભગવદ્ગીતાના વિભૂતિયોગમાં શ્રીકૃષ્ણએ જગતમાં સમાયેલ ઈશ્વરીય સત્તાના ઉદાહરણોના પુષ્પગુચ્છો વેર્યા છે. જેમાં ગાયોમાં કામધેનુ, પવિત્ર કરનારાઓમાં પવન અને અક્ષરોમાં 'અ' કાર રૂપે નિહિત છે. આગળ ખૂબ અગત્યની બાબત ચચી છે. 'વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા અને વક્તાઓનો વાદ હું છું' - એમ કહી શ્રીકૃષ્ણ પોતાનું વિભૂતિમત્વ જણાવે છે. આજે જ્યારે વાદ વિનાનો માણસ શોધ્યો જડતો નથી. અને વાદવિવાદને ક્યારેક અવગણીએ છીએ ત્યારે ગીતાનો 'વક્તાઓમાં વાદ હું છું' - એ મુદ્દો અગત્યનો થઈ જાય છે. જ્યારે આપણે બીજાનો મત જાણતા નથી તો તેની સામે શું ટકી શકીએ ? આપણું આખું ન્યાયતંત્ર વકિલોની ( વાક્-કિલ) દલિલોની આસપાસ પ્રરંભાય અને પ્રસરે છે. તેમાં મુદત પડે છે. વિચારશક્તિ અને આધારો આગળ ધરાય છે. બે વિદ્યાઓને આપણા પૂર્વસૂરિઓએ ખૂબ મહત્વ આપેલું હતું. એક અધ્યાત્મવિદ્યા અને બીજી તર્કવિદ્યા. આ બે વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા પોતાની અંદર યાત્રા કરાવે છે અને બીજી અન્યના આકાશને. કબીરજીના વિચારો પણ તેમના દુહાઓમાં વ્યક્ત થાય છે.

વાદવિવાદ નહી કર, કર નિત એક બિચાર,
રામ સમર ચિત્ત લાયકે, સબ કરનેમેં સાર.
બોલત હી બિષ વાદ હય, પુછત હી હય વાદ,
ઐસે મનમેં સમજ કર, ચુપ રહે સો સાધ.
વાદ કરે સો જાનીયે, નિવરે કા વોહ કામ,
સંત ફુરસદ કહાં પાવે, સુમરન કરતાં રામ

આપણે ક્યારેક કોઈકની ચર્ચાને સમજ્યા વિના ઉતારી પાડવા ઉતાવળા થઈ જઈએ ત્યારે પછીથી ખબર પડે કે ખૂબ અગત્યના મુદ્દાની ચર્ચા હતી. જેમ કે, જી.એન.યુ. મુદ્દો. તેમાં બે છેડાને સમજ્યા વિના કોઈ એક સ્થિતિએ પહોંચી ન શકાય. જી.એન.યુ. મુદ્દામાં એક છેડો છે વિદ્યાથીઓનો અજંપો. (જો એ માત્ર વિદ્યાથીઓનો હોય તો..) અને બીજો છેડો રાજકીય કિન્નાખોરી. ગધા પચીસીમાં થયેલ ભૂલ તે ભૂલ ભલે રહી પણ તેને ગુનાની નજીક ગણી શકાય ? જો કેટલાક દેશદ્રોહીઓ યુવાશક્તિને પોતાના બુરા કરતૂતોને હવા આપવા ઉપયોગમાં લેવા માગતા હોય તો તે અક્ષમ્ય ગુનો છે. મૂળ સુધી કાયદો પહોંચે તે અત્યંત આવશ્યક છે. કેટલાક સામ્યવાદીઓ જે ડાબેરીઓ પોતાના બેકારવાદને ચલાવવા દેશ સાથે દ્રોહ કરતા ખચકાતા નથી. વડાપ્રધાનશ્રી પોતાના વિચારોને યોગ્ય સમયે વાચા આપશે તેવી અપેક્ષા.

સમસ્યાઓને હળવાં હાથે ન લેવાય. તેનો અહિંસક ઉકેલ તે વાદ-વિવાદ જ છે. સીધા જ મંચ પર જઈને પોતાનો મત (આગળના સંદર્ભ જાણ્યા વિના) રજુ કરી દેવો તે પણ શોભાસ્પદ નથી. પોતાના કોઈ કર્તવ્યભાન વિના માત્ર ચર્ચા શૂરા લોકોની ચર્ચા ગમે તેટલી સારી લાગતી હોય તેનો કોઈ અર્થ ખરો ?

સૌરભ શાહ એક લેખમાં જણાવે છે કે 'આજે હવે કોઈ એવી ચર્ચાબાજીમાં ઘસડી જવા માટે ઉશ્કેરે ત્યારે મુદ્દાની વાત કરીને ચૂપ થઈ જઉં છું. બીજાને કંઈ બોલવું હોય તો ભલે બોલ્યા કરે. દસકા પહેલાં ઈટીવી માટે એક ટોકશો કરતો ત્યારે એની કૅચલાઈન બનાવેલીઃ થોડો વાદ, થોડો વિવાદ અને ખૂબ બધો હૂંફાળો સંવાદ. સૌથી પહેલો ઈન્ટરવ્યૂ સ્વામી સચ્ચિદાનંદનો લીધેલો. આ વાક્ય સાંભળીને કહેઃ વાદ ભલે થાય, વિવાદ પણ ભલે થાય, પરંતુ વિતંડાવાદ ખોટો'.

વિતંડા એટલે ખોટો બકવાસ, નકામી માથાઝીંક, પોતાનો પક્ષ જ ન હોય અને માત્ર સામા પક્ષનું ખંડન જ કર્યા કરવું તે. ઘણાને આવી ટેવ હોય છે - બીજાના સત્યન્વેશી મતને ઉતારી પાડવાની. કોઈએ ખૂબ ધીરજથી એક પછી એક પાસું તપાસીને વિવેકપૂર્વક, પૂરી સ્વસ્થતાથી કોઈ નવી વાત રજૂ કરી હોય ત્યારે માત્ર તોફાન કરવાના ઈરાદે એની દલીલોનું ખંડન કરવાની ઘણા લોકોની હૉબી બની જતી હોય છે. પોતે ઈન્ટલેક્ચ્યુઅલ છે એટલે દેખાડો કરવા તમારા પાથ-બ્રેકિંગ, ચીલો ચાતરતા વિચારોને તેઓ ઉતારી પાડતા હોય છે. તાર્કિક રીતે પોતાની અસહમતિ પ્રગટ કરવાને બદલે તમારા વિચારોના ગ્રાફને ચૂંથીને, મારીમચડીને અને તમારાં વાક્યોને આઉટ ઓફ કોન્ટેક્સ્ટ તારવીને તેમ જ તમે આપેલાં દાખલા-ઉદાહરણોનું શીર્ષાસન કરીને એમાં મનઘડંત અર્થ આરોપીને તેઓ મંડી પડતા હોય છે બડબડ કરવા.

આવા લોકોની હડફેટે આવવા કરતાં બે ડગલાં પાછળ હટીને ફંટાઈ જવું સારું. નહીં તો તમારી એનર્જી વેસ્ટ થશે, એમાં ને એમાં પડ્યા રહેશો, તમારો કક્કો સાચો છે એવી જીદ રાખીને એ લોકોને સમજાવવા રોકાઈ જશો તો તમારી તર્કબદ્ધ વિચારસરણી તૂટી જશે, મૌલિક - નવા વિચારો કરવાની તમારી માનસિક ક્ષમતા ધીમે ધીમે નષ્ટ થતી જશે.

આમાં નુકસાન તમારું જ છે. એમણે કશું ગુમાવવાનું નથી હોતું. એમની પાસે ઉછીના વિચારો અને અહીં ત્યાંથી ચાટી ચાટીને ભેગી કરેલી દલીલો સિવાય બીજું કશું નથી હોતું. દલીલબાજી કરીને તમને અપસેટ થતાં જોવાની એ મર્કટોને તો મઝા જ પડવાની છે. વિચારોને કંઈક એવી રીતે ઈન્ટરપ્રીટ કરીને પોતાનું ડહાપણ ડહોળે કે તમે વિચારતા થઈ જાઓ કે યાર, આ માણસ મૂળ મુદ્દાનો પતંગ ચગાવીને વાતને ક્યાંથી ક્યાં લઈ જાય છે. પોતે પણ બુદ્ધિશાળી છે એવું સાબિત કરવા આ સમર્થકો તમારા વિચારનો યુ-ટર્ન થઈ જાય એ હદે એને ફંટાવી દેતા હોય છે.

# નિદા ફાજલી... કભી કિસીકો મુકમ્મલ જહાં નહી મિલતા...!!




હોંશવાલો કો ખહર ક્યા બેખુદી કયા ચીજ હૈ... કભી કિસીકો મુકમ્મલ જહાં નહીં મિલતા... તુ ઈસ તરહા સે મેરી જિંદગીમેં શામિલ હૈ... આ ગીતો સંભળાય એટલે જેમની ગઝલ સીધી હૃદયમાં ઉતરી જાય એવા શાયર નિદા ફાજલી યાદ આવે...

નિદા ફાજલી એટલે એક મોટો અધ્યાય, ગઝલને લોકપ્રિય બનાવવામાં મોટું યોગદાન... એમની આસપાસ બનતી ઘટના, માણસો, પ્રસંગોને ગાયકીના રુપમાં લઈ આવવાની અનોખી માસ્ટરી... એક નિર્ભય માણસ, કોઈ પણ વાતને વ્યકત કરવા એના શું સારા-ખરાબ પરિણામ આવશે અને નિંદાની ચિંતા કર્યા વિના, પોતાની અંગત જિંદગીને પણ ખુલ્લેઆમ ચર્ચા કરવાની હિંમત ધરાવતું વ્યક્તિત્વ...

ભારત-પાકિસ્તાનના ભાગલા થયા, એમણે પાકિસ્તાન જવાનું ટાળીને મુંબઈને વતન બનાવ્યું. એમની માતા માત્ર પાકિસ્તાન ગયાં, ત્યાં જ એમનો ઈન્તેકાલ થયો, પણ નિદાને વિઝા ન મળતાં તેઓ માતાની બિમારી કે મૃત્યુ સમયે પણ મળવાં જઈ ન શક્યાં, અને એમણે એક દોહો લખેલો,

મૈં રોયા, પરદેસ મેં, ભીગા મા કાય પ્યાર,
દુઃખને દુઃખસે બાત કી, બિન ચિઠ્ઠી બિન તાર.

મુંબઈની ફૂટપાથ પરની પથારીથી લઈ અત્યંત પ્રતિષ્ઠિત કાર્યક્રમના મુખ્ય મહેમાન સુધીની એમની સફર ફિલ્મી કહાનીથી કંઈ કમ નથી... નિદા ફાજલીના ચાહકો વિશ્વભરમાં છે. અમેરિકા, બ્રિટન, દુબઈમાં એમના મુશાયરા થયા. ભારતના મુશાયરામાં એમની હાજરી આવશ્યક ગણાતી. સાહિત્ય અકાદમીનો પુરસ્કાર અને પદ્મશ્રીથી તેઓ નવાજીત હતા.

દો ઔર દો કા જોડ હંમેશા ચાર કહાં હોતા હૈ,
સોચ સમજ વાલોં કો થોડી નાદાની દે મૌલા.

ભાષા એમની એકદમ સરળ, સામાન્ય માણસનું વ્યક્તિ રેખા ચિત્ર અને પ્રસંગોની યાદો એમની ગઝલનું સામ્રાજય હતું. તેઓ માણસોને વાંચી શકતા હતા.. બહુ ઓછાને ખબર હશે પણ નિદા ફજલી કબીર પંથી હતા. નિદાના કેટલાયે દોહા જગજીત સિંગે ગાયેલા છે. 'ઈનસાઈટ' નામના આલ્બમમાં આ દોહા રેકોર્ડ થયેલા છે.

> **દુનિયા જીસે કહતે હૈ, જાદુકા ખિલૌના હૈ,**
> **મિલ જાયે તો મિટ્ટી હૈ, ખો જાયે તો સોના હૈ.**
> **અચ્છા સા કોઈ મૌસમ, તન્હાસા કોઈ આલમ,**
> **હર વક્તકા રોના તો બેકાર કા રોના હૈ**

એમની કેટલીક ગઝલ તો એટલી સરસ છે કે જે દિવસે એમનો દેહાંત થયો એ દિવસે એ સોશિયલ મીડિયામાં એટલી વાઈરલ થયેલી, ત્યારે ઘણાંને ખબર પડી કે અરે, આ નિદા ફાજલીની ગઝલો છે!!

સફર મેં ધૂપ તો હોગી, જો ચલ સકો તો ચલો,
સભી હૈ ભીડમેં, તુમ ભી નિકલ સકો તો ચલો.
કિસી કે વાસતે રાહેં કહાં બદલતી હૈ,
તુમ અપને આપકો, ખુદ હી બદલ સકો તો ચલો.

એમની એક અન્ય ગઝલમાં તો સ્વાર્થી લોકો પર સીધાં જ ચાબકા છે.

અપની મરજીસે કહાં, અપને સફર કે હમ હૈ,
રૂખ હવાઓંકા જીધર કા હૈ, ઉધર કે હમ હૈ !

જગજિતસિંઘ અને નિદા ફાઝલીની પાક્કી દોસ્તી હતી. નિદા ફાજલીની લગભગ મોટા ભાગની ગઝલ જગજીતે ગાયેલી છે અનેક કાર્યક્રમો સાથે કરેલાં જેમાં નિદા જાતે એમની ગઝલોનો અર્થ સમજાવીને કહેતા અને જગજિગરસિંગ એને ગાતાં, આ બંનેના લાઈવ કાર્યક્રમ જેમણે જોયાં છે, તેઓ આજેય ગર્વ અનુભવે છે, એમની 'સરફરોશ' ફિલ્મની ગઝલ કાયમ ઓન ડિમાન્ડ રહેલી...



હોંશવાલો કો ખબર ક્યા
બેખુદી કયા ચીજ હૈ,
ઈશ્ક કીજેફીર સમજીએ
જિન્દગી કયા ચીજ હૈ.

નિદા ફાજલી એમની માનવતાને કારણે વધુ મશહૂર હતા. ૧૯૯૨માં થયેલા મુંબઈ ધાર્મિક અથડામણોને લીધે એમણે એક હિન્દુ મિત્રના ઘરે આસરો લીધો હતો, અને એમણે મિત્રના માનમાં એક દોહો લખ્યો હતો.

ચાહે ગીતા બાચીયે, યા પઢીએ કુરાન
તેરા મેરા પ્યાર હી, પર પુસ્તક કા જ્ઞાન

એમના સુધારક માનવતાવાદી વિચારોને લીધે કટ્ટરપંથી મુસ્લિમોની નારાજગી વહોરી લીધી હતી. ભારત-પાકિસ્તાનની ગરીબી, શોષણ, ધર્મવિગ્રહથી તેઓ કાયમ કહેતા કે, આવું બધું જ જોવું હતું તો ભાગલાં કર્યા જ કેમ? માનવતા જ એમની પૂજા હતી, ધર્મ હતો.

ઘર સે મસ્જિદ હૈ બહોત દૂર, ચહો યું કરલો
કિસી રોતે હુએ બચ્ચે કો હસાયા જાયે!

'જિંદગી હિસાબોં સે જી નહીં જાતી હૈ' એવું એમનાં એક લેખનું શિર્ષક હતું. એમને સાચ્ચે જ જિંદગી જીવવા કોઈ હિસાબ માંડ્યો નહોતો. ભીડમાં રહીનેય તેઓ કયારેક એકલા પડ્યા હતા. સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય વિષયો પર તેઓ હચમચાવી નાંખે એવાં વકતવ્યો આપતા.

હર તરફ હર જગહ બેશુમાર આદમી
ફિર ભી તનહાઈયોં કા શિકાર આદમી.
સુબહ સે શામ તક બોજ ઢોતા હુઆ,
અપની લાશ કા ખુદ મજાર આદમી.

નિદાનો અર્થ થતો 'હાકલ', અને એ શબ્દના અર્થ અનુસાર જ માનવતાને હાલક મારતા હતા. એમનાં શબ્દોથી. જયારે ભારત-પાકિસ્તાનના ભાગલા થયા ત્યારે પરિવારની સામે પડીને એ એકલાં જ મુંબઈમાં રહ્યા ત્યારે એમને કહેલું કે, 'એક કાગળના નકશા પર તમે લીટી તાણીને કહેશો કે ભાગલા થઈ ગયાં, તો એવાં ભાગલાં મને માન્ય નથી.' અને આ ખુદ્દારી માટે એમની ફૂટપાથની જિંદગી મળી હતી ત્યારે જયારે એમનો પરિવાર આર્થિક સંપન્ન હતો!

નિદા ફાજલીના કૌટુંબિક મિત્ર અને ગઝલ ગાયક એળાં આલ્હાદ કાશીકરનો અનાયાસ સંપર્ક થયો અને એટલે આટલી સમૃદ્ધ માહિતી આપ સુધી પહોંચી શકી છે. એમને નિદા ફાજલીના પુસ્તક 'તમાશા મેરે આગે'નું ભાષાતર કરેલું છે. એમનું એક ગીત 'તું ઈસ તરહ સે મેરી જિંદગીમેં શામિલ હૈ...' મારી જેમ અનેકનું ફેવરીટ છે. પણ એમને શ્રદ્ધાંજલિ અર્પતું વિલન રજા મુરાદ પર ફિલ્માવેલું ગીત યાદ આવે છે, મૈં શાયર બદનામ, મૈં ચલા, મૈં ચલા...

**ચૂંટલો :** નિદા ફાજલીએ એમનાં જ એક અત્યંત ફેમસ શેર સાથે અલવીદા કરીએ...

***બચ્ચા બોલા દેખકર, મસ્જિદ આલિશાન!***
***અલ્લાહ તેરે એક કો, ઈતના બડા મકાન!!***